SAMVAD E-JOURNAL
ISSN (Online) :2583-8334
(International Peer-Reviewed Refereed Journal) Volume 3, Issue-5, Oct-Nov-Dec : 2025
Published by Rangmati Publication https://www.rangmatipublication.com

# ભારતીય ચિંતકોનું શિક્ષણ દર્શન અને યુવાનોમાં સામાજિક ગતિશીલતા એક અવલોકન

## An Overview of the Educational Philosophy of Indian Thinkers and Social Mobility among Youth

મહેશ કે. પ્રબતાણી,
ડૉ. રાકેશ ડી. ભેદી

• *સારાંશ (Abstract)*

*પ્રસ્તુત સંશોધન ભારતીય જ્ઞાન પરંપરા , ભારતીય ચિંતકોના શિક્ષણ દર્શન અને આધુનિક સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્યના સમન્વય દ્વારા ગ્રામીણ યુવાનોની સ્થિતિનું વિશ્લેષણ કરે છે. સામાન્ય રીતે કૌશલ્ય વિકાસને માત્ર એક આર્થિક પ્રવૃત્તિ કે રોજગાર મેળવવાના સાધન તરીકે જોવામાં આવે છે પરંતુ ભારતીય ચિંતકોના મતે તે વ્યક્તિના આંતરિક અને બાહ્ય વિકાસની એક આધ્યાત્મિક પ્રક્રિયા છે. ભારતીય જ્ઞાન પરંપરાનો મૂળભૂત સ્વીકાર છે કે કોઈપણ કાર્યમાં કુશળતા કે દક્ષતા મેળવવી એ જ સાચો 'યોગ' છે. આ સંદર્ભમાં શ્રીમદ ભગવદ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે:*

*"યોગઃ કર્મસુ કૌશલમ્" (Yogah Karmasu Kaushalam) (અર્થાતઃ કર્મમાં કુશળતા એ જ યોગ છે.) (ભગવદ ગીતા, ૨.૪૭-૫૦)*

*લોકમાન્ય તિલકના 'ગીતારહસ્ય' ના સંદર્ભમાં જોઈએ તો ભારતીય શિક્ષણ દર્શન માત્ર જ્ઞાન પ્રાપ્તિ પૂરતું મર્યાદિત નથી, પરંતુ તે 'કર્મયોગ શાસ્ત્ર' પર આધારિત છે. અહીં કાર્યમાં કુશળતા મેળવવી એ જ સાચો યોગ છે. આ દ્રષ્ટિએ જોતા આધુનિક કૌશલ્ય વિકાસ એ માત્ર રોજીરોટી મેળવવાનું સાધન નથી પરંતુ તે ભારતીય પરંપરાના 'કર્મયોગ'નું જ એક આધુનિક સ્વરૂપ છે. જ્યારે આપણે ગાંધીજીની 'નઈ તાલીમ', શ્રી અરવિંદનું 'સર્વાંગી શિક્ષણ' અને તિલકના 'કર્મયોગ' ના સિદ્ધાંતોનો સમન્વય કરીએ છીએ ત્યારે શિક્ષણનો એક નવો જ આયામ ઉભરી આવે છે. આ અભ્યાસનું અવલોકન દર્શાવે છે કે જ્યારે શિક્ષણ યુવાનના હાથ (Skills), હૃદય (Values) અને મસ્તક (Knowledge) ને એકસાથે જોડે છે ત્યારે જ તે વાસ્તવિક સામાજિક પરિવર્તન લાવી શકે છે. વર્તમાન સમયમાં જ્યારે પરંપરાગત શિક્ષણ પદ્ધતિ યુવાનોને માત્ર 'સાક્ષર' બનાવે છે પણ વ્યવહારિક રીતે 'સજ્જ' નથી કરતી ત્યારે કૌશલ્ય વિકાસ એક મજબૂત વિકલ્પ તરીકે ઉભરી આવે છે.*

*આ સંશોધન સ્પષ્ટ કરે છે કે કૌશલ્ય એ માત્ર આર્થિક ઉપાર્જનનું માધ્યમ નથી પરંતુ તે ગ્રામીણ યુવાનોમાં આત્મવિશ્વાસ જગાડનાર અને સામાજિક પ્રતિષ્ઠા વધારનાર એક પાયાનું બળ છે. આ જ બળ તેમને પરંપરાગત જ્ઞાતિ પ્રથાની જડતામાંથી મુક્ત કરી સામાજિક ગતિશીલતા (Social Mobility) તરફ દોરી જાય છે. આમ આ અવલોકન ગ્રામીણ સમાજમાં આવતા વ્યવસાયિક બદલાવો અને યુવાનોના દરજ્જા તથા ભૂમિકામાં થતા સકારાત્મક સુધારાને ભારતીય ચિંતકોના વૈચારિક માળખામાં પ્રસ્થાપિત કરે છે. ભારતીય ચિંતકોએ શિક્ષણને ક્યારેય વર્ગખંડ પૂરતું સીમિત રાખ્યું નથી તેમના મતે શિક્ષણ એ યુવાનને આંતરિક રીતે સશક્ત કરી સામાજિક ગતિશીલતા તરફ દોરી જતી એક જીવંત પ્રક્રિયા છે. આધુનિક સમયનો કૌશલ્ય વિકાસ એ હકીકતમાં ભારતીય ચિંતકોના 'શિક્ષણ દર્શન'નું જ વ્યવહારિક સ્વરૂપ છે.*

*ચાવીરૂપ શબ્દોઃ ભારતીય ચિંતકો, શિક્ષણ દર્શન, સર્વાંગી વિકાસ કૌશલ્ય વિકાસ, સામાજિક ગતિશીલતા, ગ્રામીણ યુવાનો, ભારતીય જ્ઞાન પરંપરા, નઈ તાલીમ, કર્મયોગ, પૂર્ણ શિક્ષણ, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦, પશ્ચિમીકરણ અને સંસ્કૃતિકરણ*

• **પ્રસ્તાવના (Introduction)**

વર્તમાન સમયમાં ભારત એક વિશિષ્ટ જનસંખ્યાકીય તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે જેને આપણે ડેમોગ્રાફિક ડિવિડન્ડ તરીકે ઓળખીએ છીએ. વિશ્વમાં સૌથી વધુ યુવા વસ્તી ધરાવતા દેશોમાં ભારત મોખરે છે. જોકે આ આંકડાકીય લાભ ત્યારે જ સાચા અર્થમાં લાભ બની શકે જ્યારે આ યુવા શક્તિને યોગ્ય દિશા અને કૌશલ્ય મળે. ભારતનો આત્મા ગામડાઓમાં વસે છે અને ગ્રામીણ યુવાનોનો વિકાસ એ રાષ્ટ્રના વિકાસની પૂર્વશરત છે.

વર્તમાન સમયમાં શૈક્ષણિક ડિગ્રીઓ અને વાસ્તવિક રોજગાર વચ્ચેની વધતી ખાઈ એ ગ્રામીણ યુવાનો માટે એક ગંભીર પડકાર છે. માત્ર પુસ્તકિયા જ્ઞાન પર આધારિત પરંપરાગત પદ્ધતિ ઘણીવાર યુવાનોને વ્યવહારિક જગત માટે સજ્જ કરવામાં નિષ્ફળ રહે છે જેના કારણે શિક્ષિત બેરોજગારીની સમસ્યા ઉદભવે છે. આ પરિપ્રેક્ષ્યમાં ભારતીય ચિંતકોનું શિક્ષણ દર્શન અત્યંત પ્રસ્તુત બને છે, જે શિક્ષણને માત્ર બૌદ્ધિક વિકાસ પૂરતું મર્યાદિત ન રાખતા વ્યક્તિના 'સર્વાંગી ઉત્થાન' પર ભાર મૂકે છે.

ભારતીય જ્ઞાન પરંપરામાં વિદ્યાને **'સા વિદ્યા યા વિમુક્તયે'** તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવી છે જેનો અર્થ છે કે સાચું શિક્ષણ તે છે જે અજ્ઞાન અને ગરીબી જેવા બંધનોમાંથી મુક્તિ અપાવે. પ્રાચીન ભારતની '૬૪ કળાઓ' નું શિક્ષણ આ જ સ્વાવલંબનનો પાયો હતું જે વિદ્યાર્થીને જીવનનિર્વાહ માટે

સક્ષમ બનાવતું હતું. આજે આ જ દર્શનને 'કૌશલ્ય વિકાસ' દ્વારા પુનર્જીવિત કરવાની જરૂર છે જેથી શિક્ષણ માત્ર 'ભણતર' નહીં પણ 'ગણતર' (અનુભવી જ્ઞાન) બને.

ગ્રામીણ યુવાનો માટે 'કોઠાસૂઝ' અને 'હુન્નર' એ ગૌરવપૂર્ણ જીવનના આધારસ્તંભ છે. જ્યારે કોઈ યુવાન આધુનિક ટેકનોલોજી અને નવા કૌશલ્યો આત્મસાત કરે છે ત્યારે તે માત્ર આર્થિક રીતે 'પગભર' જ નથી થતો, પરંતુ તેની સામાજિક પ્રતિષ્ઠામાં પણ વધારો થાય છે. એમ. એન. શ્રીનિવાસના સિદ્ધાંત મુજબ આ પ્રક્રિયા યુવાનોને પરંપરાગત જ્ઞાતિ-આધારિત વ્યવસાયોના માળખામાંથી બહાર લાવી સામાજિક ગતિશીલતા તરફ પ્રેરે છે. આમ ભારતીય ચિંતકોએ ચીંધેલો શિક્ષણનો માર્ગ કૌશલ્યના માધ્યમથી યુવાનોને 'જ્ઞાતિના દરજ્જા' માંથી મુક્ત કરી 'વર્ગના દરજ્જા' (Class-based status) તરફ લઈ જાય છે. કૌશલ્ય વિકાસ એ માત્ર આર્થિક ઉપાર્જનનું સાધન નથી પરંતુ તે ભારતીય શિક્ષણ દર્શન મુજબ યુવાનોના સામાજિક દરજ્જા અને જીવનધોરણમાં ક્રાંતિકારી પરિવર્તન લાવનારું સશક્ત માધ્યમ છે

- **સૈદ્ધાંતિક અને દાર્શનિક આધાર (Theoretical & Philosophical Framework)**

આ અભ્યાસનો સૈદ્ધાંતિક આધાર ભારતીય દાર્શનિક પરંપરા અને આધુનિક સમાજશાસ્ત્રીય વિચારધારાઓના સંકલન પર રહેલો છે.

### I. સ્વામી વિવેકાનંદ અને બાલ ગંગાધર ટિળક:

સ્વામી વિવેકાનંદના 'કર્મયોગ' (Karma Yoga) અને લોકમાન્ય બાલ ગંગાધર ટિળકના 'ગીતારહસ્ય' (Gita Rahasya) માં પ્રતિપાદિત કર્મયોગની સંકલ્પનાને આ સંશોધનના દાર્શનિક પાયા તરીકે સ્વીકારવામાં આવી છે. ભારતીય જ્ઞાન પરંપરા અનુસાર કર્મને માત્ર આર્થિક પ્રવૃત્તિ જ નહીં, પરંતુ માનવીય વિકાસ અને ચારિત્ર્ય ઘડતરનું સાધન પણ માનવામાં આવે છે.(તિલક, ૧૯૧૫, પૃષ્ઠ ૪૬૨-૪૬૪). વિવેકાનંદ કર્મયોગમાં કાર્યને મનની શુદ્ધિ અને વ્યક્તિત્વ નિર્માણ સાથે જોડે છે, જ્યારે ટિળક ગીતાના અર્થઘટન દ્વારા કર્મને લોકસંગ્રહ અને સામાજિક કલ્યાણ સાથે સાંકળે છે. આ બંને વિચારધારાઓ કૌશલ્ય વિકાસને મૂલ્ય-આધારિત અને સર્વાંગી શિક્ષણના સ્વરૂપમાં સમજવાની દૃષ્ટિ પૂરી પાડે છે. (વિવેકાનંદ,૧૯૫૪, પૃષ્ઠ ૧૨૮).

આ સંશોધન પેપર ભારતીય ચિંતકોના શિક્ષણ દર્શન અને આધુનિક સમાજશાસ્ત્રીય સિદ્ધાંતોના સમન્વય દ્વારા ગ્રામીણ યુવાનોની સામાજિક પ્રગતિનું વિશ્લેષણ કરે છે. એમિલ દુર્ખાઇમના કાર્યાત્મકવાદી પરિપ્રેક્ષ્ય મુજબ શિક્ષણ સમાજમાં નૈતિક શિસ્ત અને એકતા સ્થાપિત કરે છે. આ જ વિચારને કૌશલ્ય વિકાસના માધ્યમથી જોતા તે ગ્રામીણ યુવાનોને સમાજની બદલાતી જરૂરિયાતો અને કાર્યપ્રણાલી સાથે જોડે છે. સાથે જ 'માનવ મૂડીનો સિદ્ધાંત' (Human Capital Theory) એ સ્પષ્ટ કરે છે કે જ્યારે યુવાનો નવી આવડત કેળવે છે ત્યારે તેમની ઉત્પાદક ક્ષમતા વધે છે, જે તેમને આર્થિક રીતે સક્ષમ બનાવી સામાજિક ગતિશીલતા પૂરી પાડે છે.

જોકે આ અભ્યાસમાં કૌશલ્ય વિકાસને માત્ર આજીવિકા મેળવવાના યંત્રવત સાધન તરીકે જ નહીં, પણ ભારતીય ચિંતકોના આદર્શો સાથે સાંકળવામાં આવ્યો છે. અહીં સ્વામી વિવેકાનંદ અને લોકમાન્ય તિલકનો 'કર્મયોગ' નો સિદ્ધાંત પાયામાં છે, જે કૌશલ્ય પ્રાપ્ત કરવાની પ્રક્રિયાને એક પવિત્ર અને નૈતિક સાધના ગણે છે. આ નૈતિક દ્રષ્ટિકોણ જ ગ્રામીણ યુવાનોમાં આત્મવિશ્વાસ જગાડે છે અને તેમને પરંપરાગત જ્ઞાતિવાદ કે જૂની સામાજિક મર્યાદાઓમાંથી મુક્ત કરી એક નવી ઓળખ આપે છે. આમ ભારતીય જ્ઞાન પરંપરાનું 'શિક્ષણ દર્શન' અને આધુનિક સામાજિક સિદ્ધાંતોનો આ સંગમ સાબિત કરે છે કે કૌશલ્ય વિકાસ એ યુવાનોના સર્વાંગી ઉત્થાન અને ઉર્ધ્વગામી ગતિશીલતા માટેનું એક સશક્ત માધ્યમ છે.

### II. મહાત્મા ગાંધી:

મહાત્મા ગાંધીનો 'નઈ તાલીમ' (Nai Talim) અથવા 'બુનિયાદી શિક્ષણ' (Basic Education) નો વિચાર ભારતીય જ્ઞાન પરંપરામાં શિક્ષણ અને શ્રમ વચ્ચેના ગાઢ સંબંધને ઉજાગર કરે છે. ગાંધીજીએ તેમના પ્રખ્યાત ગ્રંથ 'Towards New Education' માં શિક્ષણને માત્ર સાક્ષરતા કે બૌદ્ધિક વિકાસ સુધી સીમિત રાખવાના વિચારનું ખંડન કર્યું છે. તેઓ સ્પષ્ટપણે માને છે કે સાચું શિક્ષણ તે છે જે બાળકના શરીર, મન અને આત્મા—એમ ત્રણેયનો સમન્વિત વિકાસ સાધે. આ દષ્ટિકોણથી હસ્તકલા અથવા ઉત્પાદક કાર્યને શિક્ષણના કેન્દ્રમાં રાખવાની ગાંધીજીની સંકલ્પના કૌશલ્ય વિકાસને સર્વાંગી શિક્ષણનું મૂળભૂત સાધન બનાવે છે.

ગાંધીજીના શૈક્ષણિક વિચારોનો મુખ્ય આધાર તેમનું '3H' સૂત્ર—Hand (હાથ), Head (મસ્તક) અને Heart (હૃદય) છે. અહીં 'Hand' એટલે શારીરિક શ્રમ અને કૌશલ્ય, જે વ્યક્તિમાં પગભર અને કાર્યનૈતિકતાનું સિંચન કરે છે; 'Head' એટલે વિચારશક્તિ અને સમજણ, જે કાર્યને જ્ઞાન સાથે જોડે છે; જ્યારે 'Heart' એ માનવીય મૂલ્યો, સહાનુભૂતિ અને સામાજિક જવાબદારીનું પ્રતિનિધિત્વ કરે છે. ગાંધીજીના મતે શિક્ષણ ત્યારે જ સાર્થક બને છે જ્યારે આ ત્રણેય પરિમાણોનો એક સાથે વિકાસ થાય. 'Towards New Education' માં તેઓ સ્પષ્ટ કરે છે કે સાક્ષરતા એ શિક્ષણનો અંતિમ ઉદ્દેશ્ય નથી, પરંતુ શિક્ષણ એ માનવીના સર્વાંગી વિકાસની પ્રક્રિયા છે, જે હસ્તકલા આધારિત કાર્ય દ્વારા વધુ અસરકારક રીતે સિદ્ધ થઈ શકે છે.

સમાજશાસ્ત્રીય દ્રષ્ટિકોણથી જોતા મહાત્મા ગાંધીનો 'નઈ તાલીમ'નો વિચાર એ ભારતીય યુવાનોમાં સામાજિક ગતિશીલતા લાવવાનું પાયાનું બળ છે. ગાંધીજીએ વર્ષોથી ચાલી આવતી એ સંસ્થાનવાદી (Colonial) માનસિકતાને પડકારી જેમાં શારીરિક શ્રમ અને હસ્તકૌશલ્યને બૌદ્ધિક કાર્ય કરતા નીચું ગણવામાં આવતું હતું. આ ભેદભાવયુક્ત પદ્ધતિને કારણે કુશળ શ્રમિક વર્ગ સામાજિક રીતે પછાત રહી ગયો હતો. તેનાથી વિપરીત ગાંધીજીનું શિક્ષણ દર્શન 'શ્રમની પ્રતિષ્ઠા' (Dignity of Labour) ને પુનઃસ્થાપિત કરી સમાજમાં સમાનતા અને એકતાનો પાયો નાખે છે. જ્યારે કૌશલ્ય અને ઉત્પાદક શ્રમને શિક્ષણના કેન્દ્રમાં રાખવામાં આવે છે ત્યારે યુવાન માત્ર આર્થિક રીતે 'પગભર' જ નથી થતો, પરંતુ સમાજમાં એક જવાબદાર અને સક્રિય નાગરિક તરીકેનો ઊંચો દરજ્જો પણ પ્રાપ્ત કરે છે.

ભારતીય ચિંતકોના આ દર્શન મુજબ શિક્ષણ જ્યારે 'હાથ' (Skills) અને 'હૃદય' (Values) ને જોડે છે, ત્યારે તે ગ્રામીણ યુવાનોને પરાવલંબનના પાંજરામાંથી મુક્ત કરી 'સ્વાવલંબન' તરફ દોરી જાય છે. આમ, ગાંધીજીની દ્રષ્ટિએ કૌશલ્ય વિકાસ એ માત્ર નોકરી મેળવવાની પદ્ધતિ નથી પરંતુ તે યુવાનોના માનવીય, નૈતિક અને સામાજિક ઉત્થાન માટેનું એક અનિવાર્ય માધ્યમ છે જે અંતે સામાજિક ગતિશીલતામાં પરિણમે છે. (ગાંધી, ૧૯૪૭, પૃષ્ઠ ૧૦૭).

### III. શ્રી અરવિંદ ઘોષ :

પૂર્ણ શિક્ષણ અને આંતરિક વિકાસના શૈક્ષણિક વિચારો ભારતીય જ્ઞાન પરંપરા અંતર્ગત સર્વાંગી માનવ વિકાસની એક અત્યંત વ્યાપક અને ગહન દાર્શનિક રૂપરેખા બતાવે છે. તેમના સુપ્રસિદ્ધ ગ્રંથ 'A System of National Education' માં તેઓ શિક્ષણને માત્ર બૌદ્ધિક તાલીમ તરીકે સીમિત રાખવાના વિચારનો અસ્વીકાર કરે છે અને પૂર્ણ શિક્ષણ (Integral Education) ની સંકલ્પના પ્રતિપાદિત કરે છે. શ્રી અરવિંદના મતે શિક્ષણનો મૂળભૂત હેતુ માનવીના શારીરિક, પ્રાણિક, માનસિક, નૈતિક અને આધ્યાત્મિક સ્તરોના સમન્વિત અને એકીકૃત વિકાસમાં રહેલો છે. આ દષ્ટિકોણ આધુનિક સમયના 'સર્વાંગી વિકાસ' ની સંકલ્પના સાથે સીધો સુમેળ ધરાવે છે, કારણ કે તે આધુનિક માનવ મૂડી સિદ્ધાંત (Human Capital Theory) ને નવો આયામ આપે છે જેમાં કૌશલ્ય માત્ર બજારની જરૂરિયાત નહીં પરંતુ સ્વ-વિકાસની પ્રક્રિયા બને છે.

શ્રી અરવિંદનું શિક્ષણ દર્શન યુવાનોના સર્વાંગી વિકાસ પર ભાર મૂકે છે જે આજના કૌશલ્યલક્ષી યુગમાં અત્યંત પ્રસ્તુત છે. તેમના 'પૂર્ણ શિક્ષણ' (Integral Education) ના સિદ્ધાંત મુજબ શિક્ષણનો ઉદ્દેશ્ય માત્ર માહિતી એકઠી કરવાનો નથી પરંતુ વ્યક્તિની આંતરિક શક્તિઓ અને છુપાયેલી સુષુપ્ત શક્તિઓને જાગૃત કરવાનો છે.

જ્યારે આ દર્શનને યુવાનોની સામાજિક ગતિશીલતા સાથે જોડવામાં આવે છે ત્યારે સમજાય છે કે 'કૌશલ્ય' એ માત્ર બહારથી શીખવાની પ્રક્રિયા નથી, પરંતુ તે યુવાનની આંતરિક ક્ષમતાનું પ્રકટીકરણ છે. શ્રી અરવિંદ માનતા હતા કે સાચું શિક્ષણ તે છે જે માનવીના પાંચ સ્તરો - શારીરિક, પ્રાણિક, માનસિક, અંતરાત્મા અને આધ્યાત્મિકનો વિકાસ કરે. જ્યારે ગ્રામીણ યુવાનો આ પ્રકારનું પૂર્ણ શિક્ષણ અને કૌશલ્ય પ્રાપ્ત કરે છે ત્યારે તેમનામાં એક અભૂતપૂર્વ આત્મવિશ્વાસ જન્મે છે.

આ આત્મવિશ્વાસ જ તેમને પરંપરાગત સામાજિક જડતા અને મર્યાદાઓ તોડવા માટે પ્રેરિત કરે છે. આમ શ્રી અરવિંદના મતે શિક્ષણ દ્વારા થતું આંતરિક પરિવર્તન એ જ યુવાનોમાં આવતી સામાજિક અને વ્યવસાયિક ગતિશીલતાનો સાચો આધાર છે. કૌશલ્ય વિકાસ જ્યારે આ પૂર્ણ શિક્ષણ સાથે ભળે છે, ત્યારે તે યુવાનને માત્ર 'શ્રમિક' નહીં પણ એક 'સર્જક' બનાવે છે, જે તેને સમાજમાં ઉચ્ચ દરજ્જો અપાવે છે. (અરવિંદ, ૧૯૧૦, પૃષ્ઠ ૩-૫).

### IV. ૬૪ કળાઓ અને આધુનિક કૌશલ્ય (64 Kalas and Modern Skills - The Historical Connect):

પ્રાચીન ભારતમાં શિક્ષણ વ્યવસ્થામાં '૬૪ કળાઓ' શીખવવામાં આવતી હતી. જેમાં વણાટ, ધાતુકામ, ખેતી, સ્થાપત્ય વગેરેનો સમાવેશ થતો હતો. આજે આપણે જેને 'Vocational Training' કહીએ છીએ તે ભારતીય શિક્ષણ વ્યવસ્થામાં હજારો વર્ષો પહેલા '૬૪ કળાઓ' તરીકે પ્રચલિત હતું. અંગ્રેજી શિક્ષણ પદ્ધતિએ આ કૌશલ્યોને નીચલા સ્તરના' ગણાવ્યા જેના કારણે હાથનું કામ કરનાર વર્ગ સામાજિક રીતે પાછળ રહી ગયો. આ પેપર એ સાબિત કરે છે કે આધુનિક 'Skill India' મિશન એ વાસ્તવમાં ભારતની લુપ્ત થયેલી 'કલા પરંપરા' અને શ્રમની પ્રતિષ્ઠાનું પુનઃસ્થાપન છે.

### V. પુરુષાર્થ ચતુષ્ટય: 'અર્થ' અને સામાજિક ગતિશીલતા (The Sociological Connect):

ભારતીય સંસ્કૃતિમાં જીવનના ચાર ધ્યેય છેઃ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. સમાજશાસ્ત્રીય દ્રષ્ટિએ ગ્રામીણ યુવાનોની સામાજિક ગતિશીલતા એ ભારતીય દર્શનના 'અર્થ' (Artha) પુરુષાર્થ સાથે જોડાયેલી છે. જ્યારે યુવાન કૌશલ્ય દ્વારા ધન ઉપાર્જન કરે છે ત્યારે તે માત્ર પોતાનું જ નહીં પણ સમાજનું પણ ભરણપોષણ કરે છે. ડૉ. રાધાકૃષ્ણન 'હિન્દુ વ્યૂ ઓફ લાઈફ'માં નોંધે છે કે હિન્દુ ધર્મમાં જીવનના ભૌતિક પાસાઓ (જેમ કે અર્થ) ની ઉપેક્ષા કરવામાં આવી નથી, પરંતુ તેને ધર્મના માળખામાં રહીને પ્રાપ્ત કરવાનું કહેવાયું છે.આમ કૌશલ્ય વિકાસ એ યુવાનોને 'પરાવલંબન' માંથી મુક્ત કરી 'સ્વાવલંબન' તરફ લઈ જાય છે, જે IKS નો મુખ્ય ઉદ્દેશ્ય છે. (રાધાકૃષ્ણન, ૧૯૨૭, પૃષ્ઠ ૧૫-૧૬).

- **કૌશલ્ય વિકાસ: સર્વાંગી શિક્ષણ તરીકે (Skill Development as Holistic Education)**

ભારતીય જ્ઞાન પરંપરા અને શિક્ષણ દર્શનનો પાયાનો ઉદ્દેશ્ય ક્યારેય માત્ર આજીવિકા પૂરતો મર્યાદિત રહ્યો નથી. તેનું મુખ્ય લક્ષ્ય વ્યક્તિના શારીરિક, માનસિક, બૌદ્ધિક અને નૈતિક પાસાઓનો સંતુલિત સમન્વય સાધીને તેનો 'સર્વાંગી વિકાસ' સાધવાનો રહ્યો છે. વર્તમાન સમયમાં આ જ ગહન વિચારધારાને 'Holistic Education' તરીકે વૈશ્વિક સ્તરે પુનઃસ્થાપિત કરવામાં આવી રહી છે. સમાજશાસ્ત્રીય દ્રષ્ટિકોણથી મૂલ્યાંકન કરીએ તો કૌશલ્ય વિકાસ એ માત્ર આર્થિક ઉપાર્જનનો માર્ગ નથી પરંતુ તે શિક્ષણની આખી પ્રક્રિયાનો એક અવિભાજ્ય અને અનિવાર્ય ભાગ છે. તે યુવાનોમાં આત્મવિશ્વાસ, સામાજિક જવાબદારીનું ભાન અને નૈતિક કાર્યસંસ્કારનું સિંચન કરે છે. ખાસ કરીને ગ્રામીણ યુવાનોના સંદર્ભમાં, આ કૌશલ્ય આધારિત શિક્ષણ માત્ર રોજગારનું સાધન બનીને નથી રહેતું, પરંતુ તે તેમને સમાજમાં ઊર્ધ્વગામી સામાજિક ગતિશીલતા અપાવનારું એક પ્રબળ માધ્યમ બને છે.

#### 1. NEP 2020: શિક્ષણ અને કૌશલ્ય વચ્ચેના ભેદરેખાની નાબૂદી

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ (NEP 2020) ભારતીય જ્ઞાન પરંપરા (IKS) ના 'સમગ્ર વ્યક્તિત્વ વિકાસ' ના સિદ્ધાંતને આધુનિક શૈક્ષણિક માળખામાં સચોટ રીતે રજૂ કરે છે. આ નીતિની સૌથી ક્રાંતિકારી બાબત એ છે કે તેણે પરંપરાગત અભ્યાસક્રમ અને વ્યાવસાયિક શિક્ષણ (Vocational Education) વચ્ચેની વર્ષો જૂની કૃત્રિમ દીવાલોને તોડી નાખવાની હિમાયત કરી છે. NEP 2020 ના આ અભિગમથી જ્યારે કૌશલ્ય શિક્ષણને મુખ્ય પ્રવાહમાં જોડવામાં આવે છે ત્યારે તે શારીરિક શ્રમ અને હસ્તકૌશલ્યને સમાજમાં નવી પ્રતિષ્ઠા બક્ષે છે. આ ફેરફાર શિક્ષણને પુસ્તકિયા જ્ઞાનમાંથી મુક્ત કરી તેને આનંદપ્રદ, અનુભવાત્મક અને જીવનલક્ષી બનાવે છે. આ વ્યવસ્થાનો સૌથી મોટો અને સીધો લાભ ગ્રામીણ યુવાનોને પ્રાપ્ત થાય છે, કારણ કે તે તેમને માત્ર 'ડિગ્રીલક્ષી'

બેરોજગાર મટાડીને સમાજના એક 'ક્ષમતાવાન અને પગભર નાગરિક' તરીકે ઘડે છે. (Government of India. (2020). *National Education Policy 2020.* New Delhi: Ministry of Education.)

### 2. કૌશલ્ય વિકાસઃ વ્યક્તિત્વ અને બૌદ્ધિક ક્ષમતાનું ઘડતર

- **આત્મવિશ્વાસ અને શિસ્તઃ** કૌશલ્ય તાલીમની પ્રક્રિયા "હું આ કાર્ય કરવા સક્ષમ છું" તેવો મનોવૈજ્ઞાનિક ભાવ જગાડે છે. જ્યારે કોઈ યુવાન કોઈ ચોક્કસ હસ્તકલા કે ટેકનિકલ ટ્રેડમાં નિપુણતા મેળવે છે, ત્યારે તેનામાં આત્મવિશ્વાસનો સંચાર થાય છે. આ પ્રક્રિયામાં જરૂરી નિયમિતતા અને કાર્યપદ્ધતિનું પાલન તેનામાં સ્વયં-શિસ્ત અને એકાગ્રતા જેવા ગુણો વિકસાવે છે જે વ્યક્તિત્વ વિકાસના પાયામાં છે.
- **વ્યાવહારિક શિક્ષણઃ** Skill India Mission, PMKVY, GSDM અને ITI જેવી સંસ્થાઓમાં અપાતી તાલીમ માત્ર યંત્રવત નથી હોતી. ત્યાં સમૂહમાં કાર્ય કરવું, સમયમર્યાદામાં પ્રોજેક્ટ પૂરા કરવા અને નેતૃત્વ લેવું જેવી પ્રવૃત્તિઓ દ્વારા ટીમવર્ક (Teamwork), સમયપાલન (Time Management) અને નેતૃત્વ (Leadership) જેવા સોફ્ટ સ્કિલ્સ આપોઆપ વિકસે છે. આ ગુણો યુવાનને માત્ર સારા કર્મચારી જ નહીં પરંતુ સમાજના એક જવાબદાર સભ્ય બનાવે છે.
- **બૌદ્ધિક પરિવર્તનઃ** પ્રણાલીગત શિક્ષણ પદ્ધતિ ઘણીવાર ગોખણપટ્ટી પર આધારિત હોય છે, જ્યારે કૌશલ્ય શિક્ષણ 'કરતાં કરતાં શીખવું' ના સિદ્ધાંત પર ચાલે છે. કાર્ય દરમિયાન ઉદ્‌ભવતી વાસ્તવિક સમસ્યાઓના ઉકેલ શોધવાથી યુવાનોમાં વ્યાવહારિક બુદ્ધિમત્તા અને સમસ્યા નિવારણની ક્ષમતા ખીલે છે. આજના ગતિશીલ યુગમાં પુસ્તકિયા જ્ઞાન કરતાં અનુકૂલન સાધવાની આ ક્ષમતા વધુ મહત્વની સાબિત થાય છે.

- **ગ્રામીણ યુવાનો અને સામાજિક ગતિશીલતા (Rural Youth & Social Mobility) (સમાજશાસ્ત્રીય વિશ્લેષણ):**

ભારતીય ગ્રામીણ સમાજમાં સામાજિક ગતિશીલતા ઐતિહાસિક રીતે જ્ઞાતિ-આધારિત વ્યવસાય અને દરજ્જા સાથે મજબૂતીથી જોડાયેલી રહી છે. ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં સુથાર, લુહાર કે કુંભાર જેવા કારીગર વર્ગો માટે પરંપરાગત રીતે **'વસવાયા'** શબ્દ પ્રયોજાતો હતો, જે એક નિશ્ચિત સામાજિક અને વ્યવસાયિક મર્યાદા સૂચવતો હતો. જોકે ભારતીય ચિંતકોએ કલ્પેલા શિક્ષણ દર્શન અને આધુનિક કૌશલ્ય વિકાસના સમન્વયથી આજે આ વ્યવસ્થામાં મોટું પરિવર્તન આવ્યું છે. કૌશલ્ય વિકાસ હવે ગ્રામીણ યુવાનો માટે એક એવું અસરકારક સાધન બન્યું છે જે તેમને જ્ઞાતિની મર્યાદાઓમાંથી મુક્ત કરી નવા આર્થિક અને સામાજિક અવસરો તરફ દોરી જાય છે.

**1 . વ્યવસાયિક પરિવર્તન (Occupational Shift)**

કૌશલ્ય તાલીમના પરિણામે ગ્રામીણ યુવાનો હવે જ્ઞાતિ-આધારિત પરંપરાગત વ્યવસાયો છોડીને આધુનિક ટેકનિકલ અને સેવા ક્ષેત્રના વ્યવસાયો અપનાવી રહ્યા છે. એમ.એન. શ્રીનિવાસ તેમના પુસ્તક 'Social Change in Modern India' માં નોંધે છે કે આધુનિક શિક્ષણ અને ટેકનોલોજી ગ્રામીણ સમાજમાં વ્યવસાયિક પરિવર્તન લાવનારા મુખ્ય પરિબળો છે. તેમના **"પશ્ચિમીકરણ"** (Westernization) ના ખ્યાલ મુજબ યુવાનો નવા શૈક્ષણિક સ્વરૂપો અપનાવીને પરંપરાગત વ્યવસાયિક બંધનોમાંથી મુક્ત થાય છે જે તેમની સામાજિક ગતિશીલતાનો મુખ્ય આધાર બને છે.

**2 . દરજ્જામાં ઊર્ધ્વગામી ગતિશીલતા (Upward Mobility)**

જ્યારે યુવાનો કૌશલ્ય દ્વારા આર્થિક સધ્ધરતા મેળવે છે ત્યારે તેમના કુટુંબની સામાજિક પ્રતિષ્ઠામાં આપોઆપ વધારો થાય છે. શ્રીનિવાસના મતે, આવક અને જીવનશૈલીમાં આવતો સુધારો વ્યક્તિના સામાજિક દરજ્જાને બદલી નાખે છે. આ પ્રક્રિયા ગ્રામીણ સમાજમાં "વર્ગ-આધારિત દરજ્જા" (Class-based status) ને મજબૂત બનાવે છે. જ્યાં જન્મ કરતા વ્યક્તિની શૈક્ષણિક અને આર્થિક સિદ્ધિઓ વધુ મહત્વની ગણાય છે. આ રીતે કૌશલ્ય વિકાસ યુવાનોને 'જ્ઞાતિના દરજ્જા' માંથી 'વર્ગના દરજ્જા' તરફ ગતિ કરાવે છે.

**૩. સામાજિક સમાવેશન (Social Inclusion)**

વંચિત અને પછાત વર્ગોના યુવાનો માટે કૌશલ્ય વિકાસ એ સામાજિક સમાવેશનનું સશક્ત માધ્યમ સાબિત થયું છે. શિક્ષણ અને નવી આવડત દ્વારા મળતી રોજગારી તેમને સમાજમાં સમાન તકો પૂરી પાડે છે અને પરંપરાગત અસમાનતાઓને ઘટાડે છે. શ્રીનિવાસના **"સંસ્કૃતિકરણ"** (Sanskritization) ના ખ્યાલને જો આધુનિક સંદર્ભમાં જોઈએ તો તે માત્ર સાંસ્કૃતિક અનુકરણ નથી પરંતુ આર્થિક અને વ્યવસાયિક સશક્તિકરણ દ્વારા પ્રાપ્ત થતું પ્રતિષ્ઠિત સામાજિક સ્થાન છે.

**4 . સ્થળાંતર અને સામાજિક રેમિટન્સ (Migration and Social Remittances)**

કૌશલ્યયુક્ત ગ્રામીણ યુવાનો જ્યારે રોજગાર માટે શહેરો તરફ સ્થળાંતર કરે છે, ત્યારે તે માત્ર આર્થિક સ્થળાંતર નથી રહેતું, પણ તે સામાજિક દરજ્જામાં પણ મોટી ભૂમિકા ભજવે છે. શહેરી જીવનશૈલી, સમયપાલન અને આધુનિક મૂલ્યો જ્યારે યુવાનો દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં પરત લાવવામાં આવે છે, ત્યારે તે ગ્રામીણ સમાજની વિચારધારા અને સામાજિક સંબંધોમાં હકારાત્મક પરિવર્તન લાવે છે.

- **નિષ્કર્ષ (Conclusion)**

સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્યમાં આ અભ્યાસ એ ફલિત કરે છે કે કૌશલ્ય વિકાસ એ ગ્રામીણ યુવાનો માટે માત્ર આર્થિક ઉપાર્જનની પ્રક્રિયા નથી, પરંતુ સામાજિક માળખામાં પાયાનું પરિવર્તન લાવનારું એક સશક્ત માધ્યમ છે. આ સંશોધન દ્વારા સ્પષ્ટ થાય છે કે ગ્રામીણ વ્યવસ્થાના 'વસવાયા' કે હાંસિયામાં

ધકેલાયેલા સમુદાયો હવે કૌશલ્ય વિકાસના માધ્યમથી સામાજિક મુખ્ય પ્રવાહમાં જોડાઈ રહ્યા છે, જેનાથી તેમની એક નવી અને ગૌરવપૂર્ણ ઓળખ પ્રસ્થાપિત થઈ છે.

ભારતીય ચિંતકોના શિક્ષણ દર્શન મુજબ આ કૌશલ્ય તાલીમ યુવાનોને જન્મજાત દરજ્જાની સંકુચિત મર્યાદાઓમાંથી મુક્ત કરે છે અને આધુનિક અર્થતંત્રમાં પોતાની ક્ષમતા અને આવડત દ્વારા 'પ્રાપ્ત દરજ્જો' (Achieved Status) મેળવવાની સુવર્ણ તક પૂરી પાડે છે. એમ.એન. શ્રીનિવાસના સિદ્ધાંતને આધારે કહી શકાય કે આધુનિક કૌશલ્યો અને શિક્ષણ યુવાનોને 'જ્ઞાતિ-આધારિત' વ્યવસ્થાથી દૂર કરી એક 'વર્ગ-આધારિત' સમાજ તરફ દોરી જાય છે, જ્યાં શ્રમ અને જ્ઞાનનો પવિત્ર સમન્વય થાય છે. આમ ભારતીય ચિંતકોનું આ શિક્ષણ દર્શન આજના યુવાનોને સશક્ત બનાવી એક સમાન, ન્યાયી અને પ્રગતિશીલ સમાજની રચનામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે.

**"Skill Development is not a western concept, it is the revival of Indian 'Kala' (Art) & 'Karma Yoga' tradition."**

- **સંદર્ભ સૂચિ (References)**


- **Aurobindo, S.** (1953). *A system of national education*. Sri Aurobindo Ashram.
- **Gandhi, M. K.** (1953). *Towards new education* (B. Kumarappa, Ed.). Navajivan Publishing House.
- **Government of India.** (2015). *Skill India mission: Policy booklet and outcomes*. Ministry of Skill Development and Entrepreneurship.
- **Government of India.** (2020). *National education policy 2020 (Gujarati edition)*. Ministry of Education.
- **Kautilya.** (1915). *Arthashastra* (R. Shamasastry, Trans.). Government Press.
- **Srinivas, M. N.** (1966). *Social change in modern India*. University of California Press.
- **Tilak, B. G.** (1915). *Srimad Bhagavadgita Rahasya or Karma-Yoga-Sastra* (B. S. Sukthankar, Trans.). Kesari Prakashan.
- **Vivekananda, S.** (1954). *Karma yoga*. Advaita Ashrama.